





સત્તાની ગોદમાં બેઠા ને સળગી છે હોળી!
પદની પડાપડીમાં જ વળગી છે હોળી!
લાગી છે લાહ્ય શિસ્ત-સેવા-ત્યાગ ભાવનાને -
'આપ' કંકાસમાં કેજરીની બગડી છે હોળી!




લ્યો! કાશ્મીરમાં -
નિવેદન લાકડે
પ્રકટી હોળી!

ભાજપ ગળે
સત્તાનું છછુંદર -
થયું કાશ્મીર..

## ચિંતન

**પુરો વા પશ્ચાદ્ા વચમુપવિશામઃ ક્ષિતિ ભુજાં તતઃ કિં નશ્છિન્નં વષનરચનાક્રીત જગતામ્ ।**
**અગારે કાન્તારે કુચકલશભારે મૃગદંશાં મણે સ્તુલ્યં મૂલ્યં સહજ ભગસ્ય ઘુતિમનઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ નામે - 'મનસ્વી પ્રશંસા' નો આ શ્લોક છે :

પોતાના વચનોની રચનાથી (કાવ્ય-સાહિત્ય સર્જનની વિદ્વતાથી) જગતને ખરીદી દીધુ છે. લોકહૃદયમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું એને માટે રાજદરબારમાં તેને રાજાની આગળ કે પાછળ સ્થાન મળે તેનાથી કોઇ તફાવત પડતો નથી. તેથી અમારું (મનસ્વી જનનું) કંઇ ઓછું-વધતું થઇ જતું નથી.

દા.ત. કુદરતી રીતે જે જે તેજસ્વી અને મૂલ્યવાન મણિ છે તે કુદરતી રીતે જ સુંદર છે એવા અત્યંત તેજસ્વી મણિને ઘરમાં, તિજોરીમાં રાખો કે જંગલમાં કે કોઇ આભૂષણમાં જડેલા તે કોઇ નારીના યુગલસ્તન વચ્ચે દબાયેલો પડ્યો હોય તેથી કંઇ તેનું મૂલ્ય વધી કે ઘટી જતું નથી એ તેજસ્વી અને મૂલ્યવાન મણિ જ રહે છે. વિદ્વાન-પંડિત-ગુણીજન-સાહિત્યકારને કોઈ આદર આપે ન આપે એ પોતાની આભા પ્રતિભા-પ્રભાવથી પોતાનું સ્થાન લોકહૃદયમાં પ્રસ્થાપિત કરી જ લે છે. 'મનસ્વી' વ્યકિતની આ જ ખૂબી છે.

## સુવિચાર

- મૈં 'કિસી સે' બહેતર કરૂં, કયાં ફર્ક પડતા હૈ.. મૈં 'કિસા કા' બહેતર કરું, બહોત ફર્ક પડતા હૈ - **અંજુમ નૂરી**
- સમય ને જતા અને સંજોગોને બદલાતા સમય નથી લાગતો.. આપણે સમયની સાથે વહી જઇએ છીએ અને સંજોગો સાથે વણાઇ જઇએ છીએ.. - **સમયસૂત્ર**
- પ્રયાસ કરવા છતાં આ પાંચ વસ્તુઓ હું શોધી શક્યો નથી... (૧) સમજણથી મોટી સંપત્તિ, (૨) આપત્તિથી મોટી પાઠશાળા, (૩) માનવતાથી મોટો ધર્મ (૪) સમયથી મોટો મલમ, (૫) માબાપથી મોટા ભગવાન... - **જનકલ્યાણ**
- આપણી વાણી રૂપેની લાઠી, એ બીજા પર અસર કરે માઠી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે સુખી હોવ છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય... તો માની લેજો કે તમે ખરેખર ખૂબ સુખી છો - **સંત રોબિન**
- શક્તિશાળીનું શસ્ત્ર છે પ્રેમ, કાયર અને કમજોરનું શસ્ત્ર છે ધિક્કાર-તિરસ્કાર - **આચાર્ય રત્નસુંદર વિજયજી**
- જીવન એટલે સનાતન મૃત્યુ ને થોડાક સમય માટે ટાળવું. - **અમૃતબિંદુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે કોઇ જરૂરી કામે જવું હોય, છતાં સમયસર પહોંચી શકતા નથી કારણ ન હોય તો પણ આપણા આળશુ-લાસરિયા સ્વભાવ કારણે ટીવી-વિડિયોમાં 'બ્રેક'ની રાહ જોવામાં કોઇ બોલાવે છતાં 'એક મિનિટ', 'બે મિનિટ' કહી કલાક કાઢી નાખીએ છીએ 'એક ક્ષણ' ની સાચી કિંમત આપણે સમજતા જ નથી.

ગાંધીજી સાંજે પાંચ વાગે ચાલવા જવાનો ક્રમ રાખ્યો હતો. લેખનમાંથી પરવાર્યા એટલે પૂછ્યું 'મહાદેવ! કેટલા વાગ્યા?'

મહાદેવભાઇ દેસાઇએ કાંડા ઘડિયાળ જોઇ કહ્યું, 'પાંચ' (આપણે દસ મિનિટની વાર હોય તો પણ અંદાજી ટાઇમ પાંચ કહીએ) એમ ત્રણ મિનિટની વાર હતી તો પણ મહાદેવભાઇએ 'પાંચ' કહી દીધું. બાપુની ચકોર નજર મહાદેવભાઇના એ જ કાંડા ઘડિયાળ પર પડી. ત્રણ મિનિટની વાર હતી. બાપુએ - એક મિનિટમાં શું શું થઇ શકે - તેનું લાંબુ ભાષણ દીધું - અંતે કહ્યું, 'તમે ખોટો સમય જણાવ્યો એ મને ગમ્યું નહીં.'

મહાદેવભાઇએ કહ્યું પણ તમે ત્રણ મિનિટનું લાંબુ ભાષણ આપી દીધું એમાં સમય ન બગાડ્યો?

બાપુએ સ્મિત સાથે કહ્યું, 'તારો જવાબ સાચો પાડવા જ મેં ભાષણ કહ્યુ; હવે પાંચ વાગ્યા. હું ચાલવા જાઉં છું'

Email - sureshchandrabhatt18@gmail.com

# લોભને કયારેય થોભ નથી, લોભવશ જે માનવી એક પગથિયું નીચે ઊતરે તો તે પછી પતનના માર્ગે જ આગળ વધે છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

યદ્યેપેતે ન પશ્યન્તિ લોભમોહાચેતસઃ
કુલક્ષયં કૃતદોષ મિત્રદ્રોહે ચ પાતકમ્ ।

● લોભથી ભ્રમિત ચિત્ત થયેલા લોકો કુળના નાશથી ઉત્પન્ન થતા, દોષને તથા મિત્રોનો વિશ્વાસઘાત કરવાથી થતા પાપને જોતા નથી.

શ્રીમદ્ ભગવદગીતા ૧-૩૮

મનમાં પેદા થયેલા મોહ તથા તેના કારણે ક્ષુબ્ધ થયેલા ચિત્તમાં થતી વેદના અર્જુન આ શ્લોકમાં વ્યક્ત કરે છે. આ શ્લોકનો સંદર્ભ માત્ર અર્જુન પુરતો મર્યાદિત નથી. અર્જુનનો પ્રશ્ન તો સનાતન સિદ્ધાંત સાથે સમિલ્લિતછે. કોઈ પણ વ્યક્તિ કે સમૂહ પોતાના અંગત સ્વાર્થને વશ થઈને જયારે નાહત અહિત કરવા તૈયાર થાય તેવા સમેય જ્ઞાની અને સમજુ માણસનું કર્તવ્ય શું? લોભ પરાયણ વ્યક્તિ ગમે તે સ્તરે જઈ સમાજને નુકશાન કરી શકે. કારણ લોભ જ તમામ પાપોનું મૂળ મનાય છે. ક્રોધ કરતાં પણ લોભ મોટો દુર્ગુણ છે. લોભ આંતર ચિત્તમાં ઊઠતો પોતાના સ્વભાવનો પડઘો છે. ક્રોધને મેં બાહ્ય ટેકો ન મળે તો તુરત શાંત થઈ જાય.

જયારે લોભ આંતરવૃત્તિ હોઈને તેનાથી છૂટકારો મેળવવા માટે પ્રયત્ન કરવા જ પડે. લોભથી જેના ચિત્ત ભ્રમિત થયા છે તેવા લોકો ગમે તેવું પાપ કરવા તૈયાર થઈ જાય જ. સત્તા અને લક્ષ્મીની એષણાથી થયેલા કે કરવામાં આવતાં દુષ્કર્મોની વાતો ઈતિહાસમાં આલેખાયેલ છે. લોભને કયારેય થોભ નથી. લોભવશ જે માનવી એક પગથિયું નીચે ઊતરે તો તે પછી પતનના માર્ગે જ આગળ વધે છે. લોભી સારાસાર વિવેક ગુમાવે છે. અત્યંત હિન કર્મો કરતા પણ ન અચકાય. નાના બાળકોના અપહરણો, ખૂનખરાબા, ભાઈઓ વચ્ચેનાં ઝગડા તથા સ્ત્રીઓ પરના બળાત્કારોના પાયામાં લોભવૃત્તિ પડેલી છે. ભગવાને અસદ્ - સંપદમાં આ વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે. 'આજે મેં આ મેળવ્યું - કાલે વધારે મેળવીશ' ક્રોધથી મનની શાંતિ હણાય, જયારે લોભ તો ઘણીવાર ચિત્તમાં સંતર્પની લાગણી જન્માવે. ક્રોધ-મોહ તથા લોભને ભગવાને નરકના દરવાજા ગણાવ્યા છે.

કુલક્ષરા અથવા તો 'ગોત્રહત્યા' ને મોટું પાપ ગણવામાં આવે છે. કુળના સનાતન ધર્મનો નાશ થાય તો સંસ્કૃતિ ન ટકે. કુળક્ષયના પાયામાં જર-જમીન તથા જોરુ ભાગ ભજવે છે. મિલકતના ઝગડાઓ ભાઈઓ વચ્ચે વેર પેદા કરે છે. કલીયુગનો માનવ માત્ર પોતાનું અંગત હિત જ જુએ છે. રામ-લક્ષ્મણ કે ભરતના ભાતૃપ્રેમની ભાવના ભૂસાતી જાય છે. એકવાર જો કુળધર્મમાં અનિષ્ટ પેસે તો પછી તે કુળનો અવશ્ય ક્ષય થાય. એક ભાઈને મારી બીજો ભાઈ કયારેય શાંતિ નથી પામતો. કદાચ કુટુંબમાં કોઈ એક અંગારક પાક્યો હોય તો તેનો તુરંત ત્યાગ કરવાનું નીતિશાસ્ત્ર જણાવે છે. વિદૂરે ધૃતરાષ્ટ્રને પણ આ સલાહ આપેલી 'કુળના રક્ષણ માટે એકનો ત્યાગ કરો' પણ ધૃતરાષ્ટ્ર ન માન્યા પરિણામે કુરુક્ષેત્રનાં વિનાશ થયો.

વિશ્વાસઘાતને પણ પાપ ગણવામાં આવેલ છે. મિત્રદ્રોહ એટલે કે જે વ્યક્તિએ આપણા પર વિશ્વાસ મુકી પોતાની અંગત વાત કરી હોય તે વાતો જાહેર કરવી. મિત્રતા કેળવ્યા પછી મિત્રને સદા મિત્ર જ માનવો જોઈએ. પોતાના અંગત સ્વાર્થમાં પણ જો મિત્ર કશાંક કારણે અડચણરૂપ બનતો હોય તો પણ એ મિત્ર છે. કોઈના વિશ્વાસનો ભંગ ન જ કરાય. વિશ્વાસઘાતીનો તો નરકમાં વાસ થાય છે. તે જણાવતો એક શ્લોક સ્વામી બુદ્ધદેવ ભારતી 'વિવેક સાગર' ગ્રંથમાં ટાંકે છે.

વિશ્વાસ પરિબધાના જે ચૈ વિશ્વાસઘાતક :
તે નરા નરકાયાતિ યાવદ ચન્દ દિવાકરો.

મિત્રદ્રોહ માટે પણ વિવિધ શ્લોકો મળે છે તેમાં જણાવ્યા પ્રમાણે તો તીર્થયાત્રા - ગંગાસાગર સ્નાન - ધન-દોલતનું દાન કે ભગવાનના નામના જાપ ઘણા પાપોમાંથી મુક્તિ અપાવે પણ મિત્રદ્રોહીને કયાંય મુક્તિ ન મળે.

અર્જુનને જ્ઞાન છે એ સભાન છે તેથી પૂછે છે આ લોકો તો ભ્રમિત ચિત્તવાળા છે. તે પાપને જાણી નથી શકતા - પણ અમે... અમને તો ખબર છે. આ યુદ્ધથી જે હાનિ થશે તેની સારી પેઠે જાણકારી છે. તો પછી અમારે એ પાપના પંથે શા માટે જવું? એ તો પછી વિવેકાધિન અને વિવેકહિન વચ્ચે શો તફાવત...? આપણે તો આજના સંદર્ભમાં આ પ્રશ્ન વિચારવા જેવો છે કારણ આપણે આપણો અનુભવ છે કે રાષ્ટ્રને નુકશાન થાય છે. તે સમજ હોવા છતાં માણસો શાંત રહે છે. નુકસાન કરનારને તો પોતાના સ્વાર્થ છે. કરોડો રૂપિયા ભેગા કરવા છે. આ અનૈતિક છે. તેવું શાસનકર્તાને ખ્યાલ હોવા છતાં તેને અટકાવવામાં નથી આવતા. આપણા પૂર્વ-મુખ્ય મંત્રી જેમ માન જાળવી રાખે છે. પરિણામે દુષ્ટોને ફાવતું મળી જાય છે. જયારે જયારે કુળક્ષય એટલે કે જનહિતને નુકશાન થતું હોય. જનતાની આંખે પાટા બાંધી લાખો કરોડો કમાઈ લેવાતા હોય, એકના કારણે હજારો લોકોના જીવન જયારે જોખમમાં મુકાતા હોય ત્યારે જ્ઞાની પુરુષોએ ઊભા થવું જોઈએ. અન્યાય કે અસત્યને મૌન રહી ટેકો આપવો તે પણ અન્યાય કરવા જેવું જ કર્મ ગણાય. જે કર્મ માટે આપણે પ્રતિબદ્ધ થયા હોઈએ તે સમય દરમિયાન ગામ-ગપાટા મારી સમય વેડફીએ તે પણ જનદ્રોહ જ ગણાય. પછી તે સંસદ હોય કે ગ્રામ - પંચાયત હોય - મૂળભૂત જનહિતના મુદ્દાની જયાં ચર્ચા જ ન થાય તો તેને જનતાનો દ્રોહ જ ગણવો પડે. માટે દરેક ક્ષેત્રના જાગૃત માણસે તો આવા સમયે પોતાના મંતવ્યો સ્પષ્ટ પણે વ્યક્ત કરવા જોઈએ. કથાકારો આ યુગમાં નામ-સ્મરણને મહત્ત્વ આપે છે. નામ-સ્મરણ સાથે કર્મ-સ્મરણ અને જાગૃત થવાનો આ કાળ છે. હવે પછીના સમાજમાં જે જાગૃત હશે તે જ આગળ વધશે ભગવાન શંકરાચાર્ય જે કહ્યું હતું કે 'હે શિષ્યો જાગૃત થાઓ...' તે જ પોકાર કરી રહ્યા છે.

# કેસૂડાંના ગરમ પાણીનો પરિષેક કરવાથી પેડુનો સોજો, ગર્ભાશયનો સોજો, મૂત્રાશયનો સોજો આદિમાં રાહત મળે છે

## કેસૂડાંની કરામત
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

ફાગણ - ચૈત્રની મોસમમાં હોળી-ધૂળેટીનો તહેવાર એટલે કે કેસૂડાંની ઋતુ. આ ઋતુમાં બગીચાઓમાં કેસૂડાં મ્હોરી ઊઠે છે. ખાખરાના વૃક્ષ પર બેસતાં કેસૂડાંને પાણીમાં પલાળીએ ત્યારે જે પીળાશ પળતું કેસરી પાણી તૈયાર થાય તેના વડે પહેલા લોકો ધૂળેટી રમતા. હાલ પર રમે છે પરંતુ બહુ જૂજ લોકો.

કેસૂડાં ખાખરાના વૃક્ષ પર થાય. ડુંગરાળ પથરાળ જમીન પર ખાખરાના ઝાડ થાય. મોટા પાન હોય. ઘણી જગ્યાએ તો ખાખરાના વૃક્ષોના વન હોય છે. ખાખરાને સંસ્કૃતમાં પલાશ કહે છે. આપણી સંહિતાઓમાં અનેક જગ્યાએ પલાશવનનો ઉલ્લેખ છે. ઈતિહાસમાં નજર કરીએ તો બંગાળમાં જયારે પ્લાસીનું યુદ્ધ થયું (અંગ્રેજોના સમયમાં) તે પ્લાસી નામની જગ્યા ખરેખર પલાશવન જ હતું. એ નામના અપભ્રંસ સ્વરૂપે પલાશી અને પછી પ્લાસી થયું.

આયુર્વેદમાં ખાખરાનો ખૂબ મહિમા ગવાયો છે. ખાખરાનું વૃક્ષ, ફૂલ, છાલ, પાન, મૂળ, બીજ અને તેના ગુંદરનો અનેક જગ્યાએ ઉપયોગ વર્ણવ્યો છે. કેસૂડાંનું પણ ખૂબ મહત્ત્વ છે. નાના - ધાવણા બાળકોને કેસૂડાંના પાણીથી નવડાવવામાં આવે છે જેથી તેની ત્વચા સુકોમળ રહે છે, વળી કેસૂડાં ઈન્ફેકશન પણ દૂર કરે છે. (આ વખતની ધૂળેટી કે જેમાં સ્વાઈન ફલૂના ડરનો માહોલ પણ છે, કેસૂડા એક સરસ ઓપ્શન છે.) બાળકોને પેશાબ અટકી ગયો હોય તો કેસૂડાના ફૂલને બાંધીને તેને પેડુ પર બાંધવામાં આવે તો રાહત થાય છે. આમ, કેસૂડાના ઘણા ઉપયોગો છે.

આ ઉપરાંત બીજા ઉપયોગો જોઈએ તો કેસૂડાંના પાણીથી નાહવાથી શરીરમાં થતી ખંજવાળ આદિ દૂર થાય છે. કેસૂડાંના ગરમ પાણીનો પરિષેક કરવાથી પેડુનો સોજો, ગર્ભાશયનો સોજો, મૂત્રાશયનો સોજો આદિમાં રાહત મળે છે. કેસૂડાના ફૂલને ખાવાથી પ્રમેહ તથા પાંડુરોગમાં પણ તેની સારી અસર થાય છે તેવું વાંચવામાં આવ્યું છે. શરીરમાં રક્તસ્ત્રાવ થતો હોય કે નસકોરી ફૂટી હોય તો કેસૂડાને ૧ ૨ કલાક પાણી પલાળી તેમાં સાકર નાખીને પીવાથી રાહત થાય છે.

જવરમાં પલાશ પુષ્પ, ધાણા અને ચણાના ચૂર્ણને લેવાનું વિધાન છે. કેસૂડા અને સાકરના ચૂર્ણને રોજ સેવવાથી પાંડુ રોગ, રક્તસ્ત્રાવ અને શીળસ તેમજ ચામડીની ખંજવાળ - ખરજવા આદિમાં ફાયદો થાય છે.

કેસૂડાનો જોકે હાલમાં સમયે બહુ ઓછો લોકો ઉપયોગ કરે છે. નવી પેઢીને તો કદાચ કેસૂડા વિષે ખ્યાલ પણ નહિં હોય, કેસૂડાને જોયા પણ ન હોય. હોળી-ધૂળેટીની આ સીઝનમાં નગરના માર્ગો પર તથા માર્કેટમાં કેસૂડા વેંચાય છે. શક્ય તેટલો લાભ લઈ લેવો. કેસૂડાના ફૂલ દેખાવે ખૂબ મનોરમ્ય છે એટલે એટલે સહજ આકર્ષણ થવાનું, તેનું સ્નાન આદિ કરવાથી આરોગ્ય પ્રાપ્તિ થાય, આથી હાલના સમયે અવસર મળ્યો હોય તો વિવેકપૂર્વક ઉપયોગ કરી લેવામાં શાણપણ છે. વળી, કેસૂડાથી ધૂળેટી રમીશું તો કંઈક નવું કર્યાનો આનંદ પણ થશે અને આનંદ પણ આવશે. કદાચ આ બહાને એક નવો ટ્રેન્ડ થઈ જાય જે લાભદાયક છે. હોળી-ધૂળેટીની ખૂબ શુભેચ્છાઓ...








## ભગવાનની પરીક્ષા

રૂપ ધરી રાધારમણીનું મહારાણી તો આવ્યા જી,
"આવો, આવો રૂકમણીજી" કહાનાએ વધાવ્યા જી.
રૂકમણીને અચરજ થાતું કેમ કરીને જાણ્યા જી,
ધન્ય પ્રભુજી, ધન્ય પ્રભુને એમ કરી વખાણ્યા જી.
અસલ રૂપ ધર્યું રાધાનું, લટ્ટક મટ્ટક ચાલ્યા જી,
નેણે નેણ મળ્યા ના તો યે વ્હાલાજીએ નાણ્યા જી.
માથે મહીની મટકી નહીં ને નયણે તરસું દરશનની,
પાય અધીરા ક્યાંથી દોડે, મહારાણી શા મહાલ્યા જી.
રૂપ ધરી રાધાગોરનું, સુંદર ગૌરી ચાલ્યા જી,
આજ પરીક્ષા થશે પ્રભુની, એવા મદમાં ફાલ્યા જી,
પરપોટો જયાં પળમાં ફૂટ્યો, નેણે નીર વહાવ્યા જી,
આવો વ્હાલી કહીને વ્હોલે, બેને બથમાં ઘાલ્યા જી.

- રણછોડ વી. પરમાર

## હોળી

યાદ રહે છે આપણને રમ્યા; વરસો વરસની હોળી,
આ હોળી કે તે હોળી બસ, નિતનવા છે રસ ની હોળી!
તારું હોવું સ્વપ્ન બન્યું; પણ મનથી સાથે રમ્યા,
હાથ પરોવી હોળીના દિવસે; ખૂબ આપણે ભમ્યા,
હાથ બે વચ્ચે રંગ છે સૂકા; હૈયા ભીની ઝોળી !... યાદ રહે છે.
જેટની ઝડપે વરસો વિત્યા; વિતસે જિંદગી પૂરી,
કોણે દીઠી કાલ છે મનવા! ઇચ્છા રહે ના અધૂરી,
રંગે મારા રંગાયો સાડલો; ખબર તને કયાં ભોળી !... યાદ રહે છે.
યુવાનો આવી સામે ઊભા; કહે છે કાકા રમશું?
ચાલો છોકરા ઇચ્છા તમારી; આજ પુરી કરશું!
હોળીના રંગમાં બુઢાપાને; આજ દઇ એ ઝબોળી !... યાદ રહે છે.

- જગદીશ ગોર 'શરમાળ'

## ચેતી જાજે

મરક મરક મરકે છે ગોરી, ચેતી જાજે;
પાછળ શું સંતાડે છોરી, ચેતી જાતે.
પહેલાં મોઢું મીઠું કરશે હસી-હસીને,
પછી ચમકશે ચાંદ-કચોરી, ચેતી જાજે.
પ્રેમપિયાલી પીવાની ના આશા કરશો
એ પીવડાવે ભાંગ-કટોરી, ચેતી જાજે.
જામ નજરના છલકાવીને ઘાયલ કરશે,
આઘે જઇને દેશે ઢોળી, ચેતી જાજે.
હાથોમાં પકડાઇ ગઇ તો છૂટવા કાજે,
થઇ જવાની ભોળી ભોળી, ચેતી જાજે,
રંગોમાં રંગાઇ જવાનું ના ગમતું પણ;
આજે તો હોળી છે હોળી, ચેતી જાજે.

- રણછોડ વી. પરમાર

## કયાં સંતાશો?

ચાંદ બનીને આવ્યાં છો તો કયાં સંતાશો?
રંગે રમવા આવ્યાં છો તો કયાં સંતાશો?
ખડ ખડ હસવું ઘડી ઘડીમાં રોકાતું ના -
હોઠ દબાવી આવ્યાં છો તો કયાં સંતાશો?
પૂનમનું અજવાળું જાણે સોના જેવું,
આગ થઇને આવ્યાં છો તો કયાં સંતાશો?
સંતાવાની કોઇ જગા ના મળશે તમને,
મધ મધ થાતા આવ્યાં છો તો કયાં સંતાશો?
ઝાંઝર જમકે ના જમકે ને કંકણ રણકે,
રૂમઝૂમ કરતાં આવ્યાં છો તો કયાં સંતાશો?

- રણછોડ વી. પરમાર

## રંગરસિયાને મળવા....

રાધારમણી ફૂલ વીણે ને કળીઓ મધ મધ થાતી'તી,
કહાનાજીને મળવા એના દલમાં હલ બલ થાતી'તી.
આંબા ડાળે બેસી કોયલ ગીત મઝાના ગાતી'તી,
પરભુજીના ગુણલા ગાતી હોંશે હિંચકા ખાતી'તી.
નાના-મોટાં વૃક્ષ હરિના ચરણોમાં શું ધરવાનાં?
રાધાજીને છાંયો ધરવા સહુની મનસા થાતી'તી.
રાધાજીના પાય ફરે ત્યાં જમ્મક જમ્મક થાતુ'તું,
પગની પાની ચૂમી પ્રેમે ધરતી રાતી થાતી'તી.
કંકણ કરમાં રણકે ત્યારે ભમરા ચમકી જાતા'તા,
આઘે ઊડતા પતંગિયાના હોઠે મધુ પીવાતી'તી.
રાતાં ફૂલો હથેળીઓને અડકી ધન્ ધન્ થાતા'તા,
અંગુલીઓને અડકી શ્વેતા જાણે કંચન ન્હાતી'તી.
રાધારમણી ફૂલ વીણે ને આભે અવઢવ થાતી'તી,
રંગરસિયાને મળવા સૃષ્ટિ, થનગન થનગન થાતી'તી.

- રણછોડ વી. પરમાર

## ગાલ રાતા થયા

શ્યામ શમણે આવ્યાં ને ગાલ રાતા થયા,
મારી કોરી ભીંજાઇ ગઇ ચોળી, કે ગાલ મારા રાતા થયા.
મેં તો શમણામાં ઝાંઝરી પ્હેરી, ને આભલે લ્હેરી,
કે પગ મારા ગાતા થયા.
મેં તો શમણામાં રંગ એને છાંટ્યો, છાતીમાં સ્હેજ વાટ્યો;
કે ધબ ધબકારા થયા.
હું તો શમણામાં એવી ભીંસાણી, ને વાયરે વીંઝાણી;
કે કેડયમાં કડાકા થયા.
હું તો શમણામાં પિયુ પિયુ બોલીને આંખ મારી ખોલી;
ઉજાગરા રાતા થયા.
હું તો ભર રે નિંદરમાંથી જાગી ને હાથ જોઇ લાજી,
કે હાથ મારા રાતા થયા.
શ્યામ શમણે આવ્યા ને ગાલ રાતા થયા,
જયારે ભર રે નિંદરમાંથી જાગી તો હાથ મારા રાતા થયા.

- રણછોડ વી. પરમાર

## કયાં જઇ રમશો હોળી ?

ગંદા, ગંદા જળમાં શ્યામ, કયાં જઇ રમશો હોળી?
કાળાં, લીલાં જળમાં શ્યામ, કયાં જઇ રમશો હોળી?
રંગ વગરની હોળી ખેલો
ઢંગ વગરની ધૂળેટી,
રામ રામ આઘેથી કરજો
જો જો જાતા ભેટી.
સ્વાઇન ફલૂનો કેર મચ્યો છે,
કયાં જઇ રમશો હોળી?
જીવન જીવવું મોંઘું થ્યું છે,
મોત મળે મફતમાં,
છૂટાછેડા, ખૂનામરકી,
થઇ જતાં પલકમાં.
દંભનગરના મહેલ ખડા છે,
કયાં જઇ રમશો હોળી?
રાધારમણી ચૂલો ફૂંકે
સુદામા બેહાલ થયા,
સતભામાની આંખે ચશમા
રૂકમણી કંગાલ થયા.
અર્જુન બુઠ્ઠાં બાણ ચઢાવે,
કયાં જઇ રમશો હોળી?

- રણછોડ વી. પરમાર

